વાર્ષિક લવાજમ રૂા. ૫૦

રાષ્ટ્રવિકાસમાં મહિલાઓને સંયોજતું 'સેવા'નું પાક્ષિક મુખપત્ર

# અનસૂયા

વર્ષ - ૩૬ : અંક - ૧૩ * આદ્યતંત્રી : સ્વ. જયન્તિકાબહેન જયન્તભાઈ * તંત્રી : નમ્રતા બાલી * પ્રકાશન : જુલાઈ ૬, ૨૦૧૮, ૨૦૧૮

# શ્રમિકોનો સામાજિક સુરક્ષા કોડ : સેવાની આગેકદમ

બહેનો સમજવા જેવું છે :

જેવું યુનો તેવું આઈ.એલ.ઓ. યુનો દુનિયાના રાષ્ટ્રોને સમાન કક્ષાએ રાખતી આંતરરાષ્ટ્રીય સંસ્થા. તેવું જ, આઈ.એલ.ઓ. દુનિયાના તમામ દેશોના શ્રમિકોને સમકક્ષ રાખતી આંતરરાષ્ટ્રીય સંસ્થા.

આઈ.એલ.ઓ.એ આટલા વર્ષોમાં તમામ માલિક અને સરકારે તેમના શ્રમિકો પ્રતિ જાળવવાના પાયાના ધોરણો નિશ્ચિત કર્યા છે જે મજૂર કાયદાઓમાં કાનૂની સ્થાન ધરાવે છે. આઈ.એલ.ઓના કન્વેન્શનના ઠરાવો તમામ દેશોને કાયદારૂપે લાગુ થાય છે તેથી તેનું મહત્વ ભારે છે.

ભારતમાં મજૂરોના હક્કો જાળવવા માટે કાયદાઓ સમય-સમયે ઘડાતા ગયા. જાણીએ કે, આ કાયદાઓ બ્રિટીશ કાળ દરમ્યાન રૉયલ કમિશન ઑફ લેબર ૧૯૨૯ની ભલામણથી અસ્તિત્વમાં આવ્યા. ભારતમાં અનેક મજૂર કાયદાઓ ઘડાયા તે સમય જતાં આશરે કુલ ૪૪થી ૫૦ જેટલા અલગ કાયદાઓ અસ્તિત્વમાં આવ્યા. સ્વાભાવિક રીતે જ, આમાંથી કેટલાક કાયદા જીર્ણ થઈગયા, કેટલાક અસંબંદ્ધ, કેટલાક પ્રતિસ્પર્ધી વિગેરે...

તેથી નિશ્ચિંતરૂપે યોગ્ય ન્યાય મળવામાં બાધા આવવા લાગી. પરિણામે ૧૯૯૯માં ભારત સરકારે તમામ મજૂર કાયદાઓને ફરીથી તપાસીને સરકાર ઉપયોગી ભાલમણો વિચારવાનું ઠરાવ્યું અને એક નેશનલ લેબર કમિશન નીમ્યું. કમિશનનાં પ્રમુખ હતાં સ્વ. શ્રી રવિન્દ્ર વર્મા ભૂતપૂર્વ શ્રમ મંત્રી. સરકાર, માલિકો, યુનિયનો અને નિષ્ણાંતોનાં પ્રતિનિધિત્વમાં રચાયેલા આ કમીશનમાં 'સેવા'નાં આપણાં ઈલાબહેન સભ્ય હતા. ઉપરાંત ટાસ્કફોર્સમાં આપણાં રેનાનાબહેન હતાં. કહેવું પડશે કે, જેથી કમિશનની ભલામણોમાં અસંગઠિત વર્ગનો શ્રમિકવર્ગ અદશ્ય તેમજ અબોલ રહેવા પામ્યો નથી એ આપણી એક સિદ્ધિ ગણાય.

આ કમિશને તમામ વિગતોમાં જઈને, અનેકાઅનેક કાયદાઓને કોન્સોલીડેટ કરીને ઘટાડીને મુખ્ય મુખ્ય ચાર ક્ષેત્રમાં વહેંચી દેવા અને સરળ, ખુલ્લાં તેમજ લચીલાપણું જળવાય તેવો અભિગમ લેવા ભલામણ કરી.

પરિણામે, સરકારે તમામ મજૂર કાયદો વિષયોને ચાર કોડમાં વિચારવા તેવું નક્કી કર્યુ : (૧) વેજ(લઘુત્તમ વેતન) કોડ (૨) ઔધોગિક સંબંધો વેતન ધારા કોડ (૩) સામાજિક સુરક્ષા કોડ (૪) વ્યવસાયિક આરોગ્ય અને સલામતી કોડ.

આજના સેન્ટ્રલ યુનિયનો- 'સેવા' પણ સેન્ટ્રલ(રાષ્ટ્રીય) યુનિયન છે આ વિષય પર ઘેરી ચર્ચાઓ કરીને પોતાની ભલામણો આપી રહયા છે જે છેલ્લે સરકાર તથા પાર્લામેન્ટ પાસે જશે. સેવા મુખ્યત્વે વેતન તથા સામાજિક સુરક્ષાના

કોડ પર કામ કરી રહી છે. સેવા રાષ્ટ્રીય યુનિયનનાં સચિવ સક્રીય પ્રતિનિધિ આપણાં મનાલીબહેન કમિશનમાં અસંગઠિત વર્ગ ક્યાંય ન્યાયથી વંચિત રહી જાય, ભૂલાઇ ન જાય તે માટે પ્રબળ મહેનત કરી રહયાં છે.

કામદારોની સામાજિક સુરક્ષા તે લેબર સ્ટાર્ન્ડ નો ભાગ છે. તેમજ તે ફરજીયાત છે. આપણાં દેશમાં જુદા- જુદા સુધારા આવી રહયાં છે તેમાંનો એક સુધારો તે શ્રમકાનૂનોમાં બદલાવ.

દેશનાં તમામ શ્રમકાનૂનો ને ચાર 'કોડ'માં સમાવિષ્ટ કરીને શ્રમકાનૂનોમાં સુધારા આવી રહયાં છે. તેમાંનો એક કોડ તે ''કોડ ઓન સોશીયલ સીક્યોરીટી એન્ડ વેલ્ફેર ૨૦૧૮'' છે. મૂળ ૨૦૧૭માં પહેલો ખરડો આવ્યો. તેમાં 'સેવા'એ પણ પોતાનાં સૂચનો આપ્યા હતા. ત્યાર બાદ, આ કોડ ને ૨૦૧૮માં રીવાઇઝ્ડ્ કરવામાં આવ્યા. 'જેમાં 'સેવા' એ અસંગઠિત ક્ષેત્ર જે આપણાં દેશનું ૯૩.૭% છે તેનાં સૂચનો સરકારને આપ્યા છે. સેવાનો અનુભવો રહયો છે કે, અસંગઠિત ક્ષેત્રના કમદારોને ખૂબ ઓછું વેતન મળે છે. જેમ કે, ઘરખાતા કામદારોમાં રૂની દિવેટ બનાવતાં કામદારો આઠથી દશ કલાક કામ કરે તો માંડ ૩૦થી ૪૦ રૂ. એક દિવસનાં મળે.. અસંગઠિત વર્ગ આટલો મોટો એટલે કે, દેશનાં ૪૦ કરોડ કામદારોને પણ, સામાજિક સુરક્ષાથી બાકાત... અસંગઠિત વર્ગમાં બહુ મોટો વર્ગ તે 'અનપેઇડ' ફેમીલી લેબર છે. એટલે કે, ઘણાં બધા કામો એવાં છે કે, જેમાં આખું કુટુંબ કામે લાગતું હોય પણ તેમનાં કામની ગણતરી નહી અને તેનું કોઇ વળતર જ નહી ! વળી, અસંગઠિત ક્ષેત્રમાં એક મોટો વર્ગ છે તે છે 'સ્વાશ્રયી' કામદારો. જેવાં કે, વેસ્ટ રીસાયકલર્સ, વેચનારાં, નાના અને સીમાંત ખેડૂતો..

દેશની આઝાદી પછી પહેલી વાર જ્યારે 'બીજા નેશનલ કમીશન ઓન લેબર'ની ભલામણથી શ્રમકાનૂનોમાં સુધારા થાય છે ત્યારે દેશના આટલા વિશાળ અસંગઠિત વર્ગ કે જેમનાં માટે કોઇ કાયદા નથી, જેમનું સતત શોષણ થતું રહે છે ત્યારે એક મોટી તક છે કે, આ શ્રમકાનૂનોમાં બદલાવ આવે છે તેમાંય ખાસ સામાજિક સુરક્ષાનો કોડ બની રહયો છે તેમાં તેમને સમાજિક સુરક્ષાનું કવચ આપી પરંતુ, દુઃખની વાત એ છે કે, આ સુધારેલા સમાજિક સુરક્ષા અને વેલ્ફેરનો ૨૦૧૮નો ડ્રાફટ કોડ વિશાળ, વિવિધતા વાળા અસંગઠિત ક્ષેત્ર અને તેની જરૂરિયાતોનો સમાવેશ કરવામાં નિષ્ફળ રહયો છે. આ કોડ અસંગઠિત ક્ષેત્રને કેવી રીતે લાગુ કરવામાં આવશે તેમજ, તેનાં ફંડીગની વ્યવસ્થા કેવી રીતે કરવામાં આવશે, કોન્ટ્રીબ્યુશનની પદ્ધતિ, નોંધણી કેવી રીતે થશે, વેલ્ફેરનાં લાભો તેમજ તે કેવી રીતે આ કામદારો સુધી પહોંચાડશે તેની પદ્ધતિ એકદમ અસ્પષ્ટ છે.

'સેવા'એ તેનાં ૪૫ વર્ષના અનુભવના નિચોડથી આ કોડનાં મુખ્ય સૂચનો આપ્યાં. સમગ્ર કોડમાં 'કામદાર'ની જુદી-જુદી અગિયાર વ્યાખ્યાઓ છે ! વધારામાં, વેઇજ વર્કર, અસંગઠિત કામદાર, સીઝનલ વર્કની વ્યાખ્યા ઑવરલેપીગ છે. વળી, આ વ્યાખ્યાઓ સમગ્ર કોડમાં વિખરાયેલી છે. એટલે જ્યારે એટલી કેબીલીટી સમજવી હોય તો અઘરું પડે છે.

'સેવા'નું સૂચન છે કે, અસંગઠિત ક્ષેત્રના કામદારો મોટા ભાગે એક કે તેથી વધારે ધંધાઓમાં સંકળાયેલાં હોય છે વળી, ઉંચા પ્રમાણમાં અનપેઇડ ફેમીલી લેબર હોય છે. તેમનાં ધંધાઓ અસ્થિર હોય છે તેમજ બદલાતાં રહેતાં હોય છે માટે, આ બધાં જ પાસાઓ ને ધ્યાનમાં લઇને એક સુવિસ્તૃત, સંપૂર્ણ, વ્યાખ્યા અસંગઠિત વર્ગ અને અસંગઠિત કામદારોની હોવી જોઇએ.

કોડમાં, કામદારની નોંધણી, કોન્ટ્રીબ્યુશનની ફોર્મ્યુલા ઓળખ ની પ્રક્રિયા ખૂબ જટીલ બનાવી છે. જેમાં કામદારોનાં સમાજિક- આર્થિક વર્ગીકરણને આધાર બનાવ્યો છે. જે ખરેખર ગૂંચવાડાભર્યુ છે.

કામદારોને ચાર વર્ગમાં આવકના આધારે વહેંચ્યાં છે. પ્રશ્ન એ છે કે, આજે જે કામદાર બાંધકામ મજૂર છે જેને કામ નહી મળવાથી રસોડા કામદાર છે તેમની આવક બદલાતી છે તો આ સામાજિક આર્થિક વર્ગીકરણ હેઠળ કેવી રીતે નોંધણી થશે અને કેટલું કોન્ટ્રીબ્યુશ નક્કી કરી શકાય ? નાનાં સીમાંત ખેડૂત સ્વાશ્રયી છે અને તે ખેતમજૂર તરીકે બીજાના ખેતરોમાં કામ કરે તો તેને કઇ કેટેગરીમાં લેવા ? આ સામાજિક સુરક્ષા કોડ તે કામદારો માટેનો છે તેને ગરીબીની બીજી યોજનાઓ બી.પી.એલ., પીડીએસ જેવો બનીને રહેશે. વધુ એક આવી યોજનાનો વધારો...

અરે, આ તો કામદારોનો કાયદો છે તો તેને તેના માટે જ રહેવા દો ને!

કામદારોની નોંધણી પંચાયત અને અર્બન લોકલ બોડી દ્વારા થાય તેવું કોડમાં છે. ખરેખર તો, કોડે કામદારોની નોંધણી માટે યુનિયનોની ભૂમિકા, કામગીરીને અવગણી છે. સેવાનું સૂચન છે કે, કામદારોની નોંધણી કામદારોના ફેસીલીટેશન સેન્ટર દ્વારા થવી જોઇએ.

સમગ્ર કોડના અમલીકરણની જવાબદારી મ્યુનિસિપલ કોર્પોરેશનમ પંચાયત કે અર્બન લોકલ બોડીની ના રાખતાં કામદારો માટેની જ બનેલા શ્રમમંત્રાલયની જ હોવી જોઇએ.

બીજો અગત્યનો મુદ્દો જે કોડમાં છે તે, એ કે હાલમાં જુદા-જુદા વેલ્ફેર બોર્ડ જુદા-જુદા ધંધાઓનાં છે તે આ કોડ આવવાથી વિલીન થઇ જશે. અરે, કેટલી મહેનત, વર્ષોનાં સંઘર્ષ બાદ આવા વેલ્ફેર બોર્ડ થયાં છે.. તેનો કોઇ ખ્યાલ છે ? સેવાના

સૂચન પ્રમાણે જે મોજૂદ વેલ્ફેર બોર્ડ છે તે તો વિલીન કર્યા વગર જ આ કોડ અમલી થવો જોઇએ. અને હાલના જે વેલ્ફેર બોર્ડ છે તેમાં કામદારો ના મત મુજબ આ વિવિધ બોર્ડમાં શું કામ કરે છે અને શું નથી બરાબર તેનો અભ્યાસ કરી એક નવું મોડલ બનાવવું જોઇએ. કોડમાં જણાવ્યા અનુસાર, 'સેસ' દ્વારા આવક ઉભી કરવી જોઇએ. સેવાનું સૂચન છે કે, આવક વિવિધ રીતે ઉભી થઇ શકે. સરકાર બજેટ ફાળવીને ઇન્ડસ્ટ્રી પ્રમાણે 'સેસ' એકઠો કરીને, પ્રોવીડન્ડ ફંડનું જે વણવપરાયેલું ફંડ છે તેનો ઉપયોગ અસંગઠિત વર્ગ માટે કરીને, કામદારો પાસેથી એક રકમ નક્કી કરીને થઇ શકે. તેમજ, આ ફંડ સેન્ટ્રલ દ્વારા મેનેજ થવું જોઇએ. સંગઠિત-અસંગઠિત કામદારોનું ફંડ/આવક જુદી-જુદી રાખવી જોઇએ.

બીજું એક સૂચન છે કે, સમગ્ર અસંગઠિત વર્ગના કામદારોની નોંધણી થાય એટલે, ઓછા માં ઓછી ચાર યોજના લાગુ પડે જ. આરોગ્યના લાભ, વૃદ્ધત્વનો લાભ, માતૃત્વ સહાય, એક્સીડન્ટ થાય ત્યારે તેનું વળતર, ત્યારબાદ જે-તે ધંધાને ધ્યાનમાં રાખીને તે પ્રમાણે કામદારોનો ફાળો નક્કી થાય.

વળી, ઇ.એસ.આઇ.સી. (કામદાર રાજ્ય વીમા નિગમ)નો લાભ દરેક અસંગઠિત વર્ગના કામદારોને મળવો જોઇએ. ઉપરાંત આ કોડ હેઠળ અમલીકરણની પ્રક્રિયામાં ખાસ કરીને સામાજિક સુરક્ષાના લાભ લેવાની પદ્ધતિ સરળ હોવી જોઇએ.

છેલ્લે, અસંગઠિત અને સંગઠિત વર્ગના જુદા-જુદા ચેપ્ટર કોડમાં હોવા જોઇએ.

શ્રમકાનૂનોમાં બદલાવ તે એક ઐતિહાસિક પ્રક્રિયા છે. સવાલ છે કે, અસંગઠિત ક્ષેત્રને ન્યાય મળશે ને ?

**- મનાલી**

❑

# મજૂરમાંથી કારીગર બનતી બાંધકામ ક્ષેત્રની બહેનો

બાંધકામ ક્ષેત્રમાં જોડાયેલ બહેનો પાસે આવડત ઓછી એટલે તેમના ધંધામાં માત્ર મજૂરીકામ કર્યા કરે ! 'સેવા'એ બાંધકામના કામમાં કામ કરતી બહેનોનું સંગઠન કર્યુ છે. આ બહેનોને તેમની આવડતમાં વધારો થાય અને આવડત વધે તો આર્થિક પરિસ્થિતિમાં સુધારો આવે વળી, બાંધકામ ક્ષેત્રની વાત કરીએ તો તેમાં નવી ટેક્નોલૉજીના મશીનો આવ્યાં છે અને હજુ બીજાં નવા મશીનો આવી રહયા છે. તેમજ કામમાં ડીઝાઇનો નવી નવી આવી રહી છે. સીધા ફેક્ટરીમાંથી જ મટીરીયલ તૈયાર થયેલું સીધ્ધુ સાઇટ પર આવે છે એટલે કે, ઈંટોની દિવાલની જગ્યા એ આર.સી.સી. દિવાલો તૈયાર કરી દિવાલો બનાવાય છે. એવી જ રીતે પી.ઓ.પી.નું કામ બારબેન્ડીગનું કામ એવા કામોમાં રોજગારીની તકો જણાય છે. આ બદલાતી આવડતો સાથે શ્રમજીવીઓ કદમ ના મિલાવે તો ધંધામાં બહાર ક્યારે ફેંકાઇ જાય તે ખબરેય ના પડે અને આવડત હાથમાં હોય તો રોજગારી યે હાથમાં રહે અને આવકની ખાત્રી રહે. માટે જ આપણે આપણી બહેનોને આવડત સાથે જોડવાનું કામ કરીએ છીએ.

'રચયિતા મંડળી'એ બાંધકામ કામદાર બહેનોની મંડળી જેણે એલ.એન.ટી.કંપની સાથે કૌશલ્યની તાલીમ શરૂ કરી છે. આ તાલીમ ૨ મહિનાની છે પણ આપણે ૩ મહિના સુધી આપી. બહેનોને સારાં કારીગર બનાવવા પ્રયત્ન કરીએ છીએ.

આ તાલીમમાં ૮૦ બહેનોને ચણતર, પ્લાસ્ટર, બારબેન્ડીગમાં પાલખ કેવી રીતે બાંધવા અને મટીરીયલ્સ કેટલું વાપરવું, સેન્ટીમીટરનું માપ, ઓળંબાના માપથી ચણતર કરવું તે બધું શીખ્યા છે. તાલીમ પૂર્ણ થઇને પ્રમાણપત્ર વિતરણ કરવામાં આવ્યું. ત્યારે બહેનોએ તાલીમમાં શું શીખ્યા અને શીખ્યા પછી તેમના કામમાં ઉપયોગ કેવી રીતે કરશે તેના પર બહેનોએ ચર્ચા કરી.

પ્રમાણપત્ર વિતરણ થયા બાદ બહેનો પોતાના અુભવની વાત કરે છે તેમાં સોનલબહેન સોમાભાઇ કહે બેન, બે માહિનની તાલીમ લીધી જેમાં સૌથી પહેલા તો સેન્ટીમીટરથી માપ લેતા શીખ્યા. સેન્ટીમીટર ઓળખતા થયા અને કેટલા સેન્ટીમીટરને કેટલું ચણતર થયું તે શીખ્યા અને મટીરીયલમાં રેતી કેટલી લેવી સિમેન્ટ કેટલો લેવો જીણી રેત, મોટી રેત,



નાની કપચી, મોટી કપચી, દાણો રેતી આ બધુ ઓળખતા થયાં. તાલીમ લેતા લેતા મારા ઘરે મે ન્હાવાની ચોકડી બનાવી. અને આંગણામાં પથ્થર પણ ગોઠવણ કરી સરસ બેસવા માટે ઓટલો બનાવ્યો. જાતે બનાવ્યું એટલે મટીરીયલનો ખર્ચ થયો મજુરી ખર્ચ બચી ગયો !

મારા પપ્પા વર્ષોથી નાના કોન્ટ્રાક્ટ રાખે છે પણ, બિલ બનાવતા નહોતું આવડતું આ તાલીમ લીધા બાદ પપ્પાને બીલ હું બનાવી આપુ છું. એટલે પપ્પા બીજા પાસે પૈસા આપીને બીલો બનાવડાવતા હતા તે પૈસા પણ ઘરમાં રહયાં. મારામાં આવડત આવી તો ઘણો ફાયદો થયો !

હરખભેર પ્રમાણપત્ર લેતા નિર્મળાબહેન કહે બેન, જેમ દિવસ જાય તેમ મોંઘવારી વધતી જાય છે જો ઘરમાં પતિ-પત્ની બન્ને કમાતા હોય તો ઘરના છેડા હંધાય એટલે હું છેલ્લા ૩ વર્ષથી મારા પતિના સાથે કડિયાકામ કરવા જાઉ છું. હું પણ મારા પતિના જેટલો જ ટાઇમ આપી એટલા કલાક કામ કરું છું. મારા પતિ આવડતવાળું કામ કરે છે અને હું મજુરીનું કામ કરું એટલે મને પૈસા ઓછા મળે છે. મેં વિચાર્યુ કે, મારા જ વિસ્તારમાં આવડતની તાલીમ આપે છે તો હું પણ આ તાલીમમાં જોડાઇ જાઉં. ઘરમાં થોડી કરકસર કરીને ઘર ચલાવીશું. તાલીમમાં શીખ્યા બાદ મારી આવકમાં વધારો થશે. તાલીમ બાદ મને 'સેવા'- એલ.એન.ટી.નું સહીયારું પ્રમાણપત્ર મળ્યું છે એટલે, હવે ફરી હું કડિયાકામે જવા લાગી, વટભેર ચણતર કરવા લાગી મારા પતિ જોડે. એટલે કે, મારો હાથ સાફ થાય અને જે પુરુષો પ્રોડકશન આપે તેમ બે બ્રાસ - અઢી બ્રાસ જેટલે પહોંચવા માટે હું પ્રેક્ટીસ પણ કરું છું. એટલે પ્રોડકશન આપતી થઇશ તો મને પણ સ્કીલ કારીગર જેટલો રોજ મળશે. બીજું કે, જે ચણતરની થાપી બહેનોને કોઇ કારીગર ના પકડવા દે પણ, મારામાં આ તાલીમની આવડત આવી તેવું મને A ગ્રેડનું પ્રમાણપત્ર મળ્યું છે. એટલે હવે મને સાઇટ પર કોન્ટ્રાક્ટર હાલમાં મારી રોજીમાં ૧૦૦ વધારો થયો કરી આપ્યો છે. હું માલમીક્ષ કરું છું, ઈંટો ઊપાડુ છું અને વચ્ચે પ્રેક્ટીસ પણ કરું છું એટલે હાલમાં ૩૦૦/-થી મને ૪૦૦/- રૂ. મળવા માંડયા છે. હું પુરા કારીગર બની છું અને કારીગરની હાજરી મળે એવી તૈયાર થઇ છું. મારી આવકમાં વધારો થાય તો મારા બાળકોને સારું ભણાવી અને મારા ઘરમાં મદદરૂપ થઇ શકું.

કુસુમબહેન કહે કે, આ તાલીમ લીધી તો ખબર પડી કે ઈંચ અને સેન્ટીમીટરનું માપ કેવી રીતે લેવું. જ્યારે અમારું ઘર બનાવ્યું ત્યારે મને મારા સાસુ કહેતા કે નવ ઈંચની ઈંટ હોય છે. તો મને ખબર નહોતી પડતી તે અહી આવીને શીખવા મળ્યું. લેવલ ટોટી દ્વારા લેવલ લઇ ચણતર કરવું તે શીખી. મારા ગામડે સંડાસ-બાથરૂમ બનાવીશ અને મારા જેવી બીજી બહેનોને પણ હું આવું કામ શીખવીશ.

ગલાલબહેન કહે છે, 'સેવા'એ ચાર દિવાલોમાંથી બહાર કાઢી. વર્ષોથી કડિયાકામ કરું છું. સાવ અભણ સેવા અકાદમીના સાક્ષરતા વર્ગમાં ભણીને લખતી વાંચતી અને સહી કરતી થઇ. હવે ઘર આંગણે આપણને તાલીમ આપવાનું શરૂ કર્યુ છે તેથી સેવાનો ખૂબ-ખૂબ આભાર. કારીગરોને કામ કરતી જોતી તો મને પણ એવું થતું કે હું પણ આવી રીતે કારીગર કેમ ના બનું ? સેવા રચયિતા મંડળી સાથે જોડાઇને ઘણી સાઇટ ઉપર કામ કર્યા છે. ઘણી કંપનીઓમાં ૮ – ૧૦ માળે ચઢીને સેફ્ટી બેલ્ટ અને હેલ્મેટ પહેરીને બ્લોકનું ચણતર-પ્લાસ્ટર કર્યુ છે. તે પણ ગભરાયા વિના. સારામાં સારું કીચન બનાવી શકુ છું, સંડાસ-બાથરૂમની ટાઇલ્સો અને પથ્થરો પણ બેસાડવાનું કામ કરું છું. અમે સંતરોહિદાસનગર ઠક્કરબાપાનગરમાં ૮ બહેનો આવી કારીગર છીએ. એટલે એક મજુરમાંથી સારી કારીગર બનીને સારું કમાતી થઇ તે શ્રેય સેવાને જાય છે. હવે આવી કારીગરીની તાલીમ બીજી બહેનોને આપું છું. જેનો મને ખૂબ આનંદ છે.

ભાવનાબહેન કહે કે, મારા સાસુ પણ સેવાની રચયિતા મંડળીમાં કામ કરતા હતા. ને અમારા એરિયામાં આ તાલીમ કેન્દ્ર શરૂ થયું તો મે તરત જ મારું નામ લખાવી દીધું. તાલીમમાં શીખીને હું કમાતી થઇશ તો મારા ઘરમાં આર્થિક મદદ કરી શકશ જેથી, અમારું જીવન ધોરણ ઉંચું આવે અને મારા બાળકોને સારી રીતે ભણાવી શકીશ.

આ તાલીમ લીધા બાદ પુષ્પાબહેન વોરા કહે કે, ગલાલબહેન કામ કરે છે તેવું કામ મારે પણ શીખવું છે. મારા પતિ ના પાડતા હતાં તોય હું તાલીમ લેવા આવી છું. સેન્ટીમીટર, કાટખૂણો કોને કહેવાય તે આ તાલીમમાં આવી તો ખબર પડી. હું પણ રચયિતામાં જોડાવા માગું અને વધુ સારું કામ શીખીને આ ધંધામાં આગળ વધી સારી રોજગારી મેળવતા થવું છે.

ખરે જ, આવડત એવી હોય કે જેની બજારમાં માંગ હોય અને એવી આવડત હાથમાં આવે ત્યારે જ મુખ્ય પ્રવાહમાં પ્રવેશાય. એકલ-દોકલ અસંગઠિત ક્ષેત્રની બહેન માટે આ શક્ય જ નથી માટે જ, ત્યારે તેમનું સંઘબળ બને, તેમના ધંધાદારી એકમો એટલે કે, સહકારી મંડળી બને ત્યારે જ આ શક્ય બને છે. 'રચયિતા' તે બાંધકામ કામદાર બહેનોની સહકારી મંડળી છે. જે બાંધકામ મજૂરોના હાથમાં આવડત

આવે છે એને બજાર સાથે જોડવાનું કામ કરે છે. હાથમાં થાપી, કછોટો વાળી, પાલક પર ચઢીને આ ‘રચયિતા’ની કારીગર બહેનો કોઇ વાતે પાછી નથી પડતી. આંતરરાષ્ટ્રીય નિશાળ બાંધી, હોસ્પિટલ બાંધી, દુકાનોના સંકુલ બાંધ્યા છે, બંગલા બનાવ્યા છે. જે નાકા પર મહિને રૂ.૩૦૦૦/- જેટલું કમાતી બહેનો હતી તે અત્યારે કારીગર બનીને મહિને ૨૦,૦૦૦/- રૂ. કમાય છે ! વળી, આવકની ખાત્રી, કામની ખાત્રી પણ ખરી જ ને ...

આ જ છે ને ‘સ્વયંસિદ્ધાના આરોહણ જે સ્વ.મીરાબહેન ભટ્ટે તેમના પુસ્તકમાં વિગતે દર્શાવ્યું છે. - **રમીલા**

# આરોગ્ય સેવા આપણને કહે છે જાણો, જણાવો બહેનો તમે, તમારા માટે યોજાયેલી સરકારી આરોગ્ય સુરક્ષા યોજનાઓ વિષે, જાણો છો ? ના જાણો તે કેમ ચાલે ?! તો, વાંચો ધ્યાનથી...

માતા અને બાળકોના આરોગ્ય અને પોષણની સુરક્ષા માટે સરકાર તરફથી મળવાપાત્ર ઘણી બધી યોજનાઓ હોય છે. પરંતુ, જાણકારીના અભાવે આપણા સભ્યો તેનો લાભ મેળવી શકતા નથી. જો પુરતી જાણકારી હોય તો અસંગઠિતક્ષેત્રની કામદાર બહેનો તેમના માટે બનેલી આ યોજનાઓનો લાભ મેળવી શકે છે.

સરકાર તરફથી સગર્ભા અને ધાત્રી માતા માટે ઇન્દિરાગાંધી માતૃત્વ સહાય યોજના હતી તેનું નામ બદલીને થોડા ફેરફાર સાથે પહેલી સપ્ટેમ્બર ૨૦૧૭થી પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના અમલમાં આવી છે.

આ યોજના અંતર્ગત દરેક સગર્ભા બહેનો જેમની પહેલી સુવાવડ હોય તેમને ત્રણ તબક્કા દરમ્યાન રૂ.૫૦૦૦/- રોકડા સહાય મળવા પાત્ર છે.

યોજનાનું નામ :- પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના.

કોને મળી શકે :- દરેક સગર્ભા જેમની પહેલી સુવાવડ હોય.

(દરેક જાતિ, ધર્મ, એ.પી.એલ.,બી.પી.એલ. રાશન કાર્ડ ન હોય તો પણ આ યોજનાનો લાભ મળવા પાત્ર છે.)

- સરકારી કર્મચારીને આ લાભ મળવા પાત્ર નથી.

લાભ ક્યારે મળેઃ- સગર્ભાવસ્થાની નોંધણી અને રસીકરણ કરાવ્યા બાદ ત્રણ તબક્કામાં મળે.

પહેલો તબક્કોઃ- રૂ.૧૦૦૦/- નોંધણી રસીકરણ બાદ.

બીજો તબક્કો :- રૂ. ૨૦૦૦/- સરકારી દવાખાનામાં સુવાવડ કરાવ્યા બાદ.

ત્રીજો તબક્કો :- બાળકના રસીકરણ બાદ રૂ.૨૦૦૦/- (કુલ રૂ.૫૦૦૦/-)

ફોર્મ ક્યાં ભરાવવું :- પોતાના વિસ્તારની નજીકની સરકારી આંગણવાડીમાં.

યોજના માટે પુરાવા :- આધારકાર્ડ, મમતાકાર્ડ અને બેંક પાસબુકની ઝેરોક્ષ.

યોજના માટેનો વિભાગ :- મહિલા અને બાળ વિકાસ

નોંધ :- હાલની દરેક સગર્ભા તેમજ સપ્ટે. ૨૦૧૭માં જેમની પહેલી સુવાવડ થઇ હોય તેવી દરેક માતા આ યોજનાનો લાભ લઇ શકે.

## નિક્ષય પોષણ યોજના

ક્ષય (ટી.બી)ની બિમારી કુદકે ને ભુસકે વધતી જાય છે. તેને નાબુદે કરવા માટે W.H.O. ( વિશ્વ આરોગ્ય સંસ્થા) દ્વારા ઘણા અવનવા પ્રયત્નો થતા રહે છે. ક્ષયની દવા લાંબા સમય સુધી લેવી પડતી હોય છે. ક્ષય દરમ્યાન દર્દીમાં અતિશય કમજોરી પણ આવી જાય છે. અને દવાઓ ભારે પાવરની હોય છે. એટલે દદીરૂ દવાનો કોર્સ અધુરો છોડી દે છે. તેના કારણે દર્દીની હાલત વધુ ગંભીર થઇ જાય છે. અને ક્ષયના દર્દીઓ પણ વધે છે.

ક્ષયને નિયંત્રણમાં લાવવા માટે સરકાર તરફથી આ મુદ્દાને ધયમાં રાખીને સરકાર દ્વારા ક્ષયના દર્દીના પોષણ માટે જ્યાં સુધી તેમની દવા ચાલુ રહે ત્યાં દર મહિને રૂ.૫૦૦/- રોકડ સહાય આપવાનું શરૂ કર્યુ છે. જેથી દર્દી સારવાર દરમ્યાન માત્ર દવા નહિ પણ પોષણ પણ મેળવી શકે. અને ક્ષય સામે લડવાની તાકાત પણ વધારી શકે. અને ક્ષયને દેશમાંથી નાબૂદ કરી શકીએ.

ટી.બી.ની દવા પ્રાઇવેટમાં ખૂબ ખર્ચાળ હોય છે. હજારોથી માંડીને લાખો રૂપિયા સુધી થાય છે. સરકાર તરફથી આ દવા પુરેપુરી ગોણવત્તાવાળી અને વિના મૂલ્યે મળે છે. સાથે પોષણ માટેની સહાય પણ મળે છે. તો આપણા સભ્યોને આ યોજનાની જાણકારી હોય તો તેનો લાભ મેળવી શકે. માટે વધુને વધુ લોકો સુધી માહિતી પહોંચાડવી જરૂરી છે.

# આપનું બેંક ખાતું
# હવે સુરક્ષાનો આધાર

| પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના | પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના |
|---|---|
| વાર્ષિક પ્રીમીયમ ૧૨ રૂપિયામાં ૨ લાખ રૂપિયાનો દુર્ઘટના વીમો<br><br>સર્વ બચત બેંક ખાતા ધારકો માટે જેમની ઉંમર ૧૮ થી ૭૦ વર્ષ છે. | વાર્ષિક પ્રીમીયમ ફક્ત ૩૩૦ રૂપિયામાં ૨ લાખ રૂપિયાનો જીવન વીમો<br><br>સર્વ બચત બેંક ખાતા ધારકો માટે જેમની ઉંમર ૧૮ થી ૫૦ વર્ષ છે. |

| | |
|---|---|
| વીમામાં દુર્ઘટના પ્રેરિત સ્થાયી વિકલાંગતા પણ સમાવિષ્ટ | કુદરતી રીતે મૃત્યુ થાય ત્યારે આપના વારસદાર ને આ વીમા ની રકમ મળશે. |

| વીમા મુદત , વાર્ષિક : ૧ જુન થી ૩૧ મે |
|---|

- પ્રીમીયમ રકમ ખાતા ધારકના બચત ખાતાથી બેંક દ્વારા "ઓટો ડેબીટ" સુવિધાના માધ્યમથી.

- કોઈ પણ વ્યક્તિ ફક્ત એક બચત ખાતા દ્વારા જ આ યોજના માટે પાત્ર બનશે.

**કોઈ પણ પ્રકારની સરકાર દ્વારા માન્ય કરેલ સબસીડી મેળવવા માટે સેવા બેંક માન્ય હોવાથી આપની આધાર કાર્ડ ની માહિતી વહેલી તકે સેવા બેંકમાં જમા કરાવી દેવા વિનંતી. તત્કાલ આપની નજીકની શ્રી મહિલા સેવા સહકારી બેંક ની શાખા કે બેંક સાથીનો સંપર્ક કરો.**

## શ્રી મહિલા સેવા સહકારી બેંક લી.

મુખ્ય શાખા :

૧૦૯, સાકાર-૨, ટાઉન હોલ સામે, એલીસબ્રીજ, અમદાવાદ- ૩૮૦ ૦૦૬.

ફોન :૨૬૫૮૧૬૫૨ , ૨૬૫૮૧૫૯૭

યોજનાનું નામ :- નિક્ષય પોષણ યોજના.

ફોર્મ કોની પાસે ભરવું :- ટી.બી. સુપર વાઈઝર.

યોજના માટે પુરાવા આધારકાર્ડ, દવાનું કાર્ડ, બેંકની પાસબુક.

નોંધ :- સ્થળાંતર વાળા દર્દી હોય ( માત્ર મજુરી માટે આવતા હોય, રોડ પર, ફૂટ પાથ પર રહેતા હોય) જેમની પાસે આધાર કાર્ડ ના હોય તેમને મેડીકલ ઓફિસર (સરકારી આરોગ્ય કેન્દ્રના ડૉક્ટર) દ્વારા ક્ષયના દર્દી તરીકેનું ઓળખાણપત્ર બનાવી આપવામાં આવશે અને ટીબી સુપરવાઈઝર દ્વારા તેમનું બેંકમાં ખાતુ ખોલાવી આપશે.

- **મંગલા**

❑

**મહેન્દ્ર મેઘાણીનો પત્ર**

## લોકોનું ખોવાયેલું દૈવત

ગામની વચ્ચે એક ચૂનાબંધ ચણેલ ઓટો હતો. એ જોઈ મેં પૂછયું, ''આ શું છે ?'' લોકોએ જવાબ દીધો : ''વે´લાંની વેળામાં આંઈ એક પરદેશી ટોપીવાળો આવેલો. એણે આવીને બીજું કાંઈ ન કહયું પણ એક ધૂળનો ધફ્ફો બનાવીને તેના પર એક રાડું ખોડી, એ રાડા પર પોતાનું પગરખું કાઢીને ભરાવ્યું, ને મૂંગો મૂંગો બસ ચાલ્યો જ ગયો. પાંચ વરસે એ પાછો આવ્યો. તપાસ્યું, તો પોતે ગોઠવેલ પગરખું રાડાની ટોચે જેમનું તેમ છે ! બસ, ચૂપચાપ ઊતરી ગયો, ને થોડા જ દિવસમાં અહી દરિયા કાંઠે ફિરંગીઓનાં ધાડાં ફરી વળ્યાં. મુલક સર કરી લીધો.''

મેં પૂછયું, ''એ જોડા વાળી વાતનો મર્‌મ શું ?'' ''મર્‌મ એટલો જ, બાપુ, કે એણે લોકોનું દૈવત પારખી લીધું. એણે જોયું કે જે લોકો આવી કરામતથી પણ ડરી જઈને પાંચ વરશ સુધી એ પગરખાને અડયા પણ નહી, તે લોકો નિર્‌વીર્‌યતાને છેક છેલ્લે પાટલે બેસી ગયા હોવા જોઈએ. માટે હવે ફિરંગી ફોજ અહી ઉતારવામાં વાંધો નથી.''

- **ઝવેરચંદ મેઘાણી**

**'પરકમ્મા'**

## સેવા સમાચાર

માથોડા-હાથલારી કામદારો, તેમના ટેમ્પા અને કાપડ બજારનો સુમેળ થવાથી ગરીબોની રોજગારી બચી, તેની આ હકીકત છે.માથોડા હાથલારી કામદારોનું સંગઠન 'સેવા'ની સ્થાપના થઇ ત્યારથી કરે છે તેમના માટે કલ્યાણકારી ત્રિપક્ષીય બોર્ડ છે તેમને કાપડબોર્ડમાં નોંધણી કરાવીએ છીએ અને કામદાર તરીકે ઓળખ અપાવીએ છીએ તેનો આજે સાચો દાખલો બેઠો છે. રાયપુર દરવાજા બહાર કાપડની જથ્થાબંધ માર્કેટ બની છે તે મારકેટ અતયાર સુધી બીલ્ડરના હસ્તક હતી અને હવે માર્કેટના વેપારીઓ ના હસ્તક થઇ ગઇ. તેમાં કમિટિ બની અને તેમાં પ્રમુખ ચૂંટાયા. પ્રમુખ ચૂંટાયા બાદ તેમને વહિવટ સંભાળતાની સાથે જ કાપડ ભરીને આવતાં ટેમ્પો માર્કેટમાં લાવતા નહી તેવો નિર્ણય લીધો. અને સવારમાં ચોકીદાર કોઇ મજૂરોને ટેમ્પા લઇને આવવા નોહતા દેતા. ત્યાં સેવાના આગેવાન ટીનાબહેન, ગીતાબહેન અને શોભાબહેન પ્રમુખને મળવા ગયા. તેમણે કહી દીધું કે, કોઇ બહેનો જોડે હું વાત નહી કરું. તો સેવાની આગેવાન બહેનો કહે, અમે સેવાના આગેવાનો છીએ. અમારી સેવા એ બહેનોનું યુનિયન છે એટલે આ બધા બહેનો સેવા યુનિયનના સભ્ય છે અને એમના માટે સરકારનું કાપડબોર્ડ છે. જુઓ આ રહયું અમારું ઓળખપત્ર ટીનાબહેને તો ઓળખપત્ર બતાવ્યું એટલે વેપારી પ્રમુખ થોડા નરમ બન્યાં. એક શબ્દથી પ્રમુખે તો ટેમ્પા બંધ કર્યા પણ, મજુરોની ત્રણ કલાકની રોજગારી ગઇ. ટેમ્પા અંદર હોવા જોઇએ નહી ! અને પછી તો અંદર હતા એ ટેમ્પા અંદર અને બહાર હતા તે બહાર. હવે બહાર તો ટેમ્પાની લાઇન લાગી ગઇ. પછી ધમકી મળી કે, અમે બહારથી મજુરો લાવી કામ કરાવીશું. પણ સેવાની વર્ષો પછીની મહેનતે જે ત્રિપક્ષીય કાપડ બજાર બોર્ડ બન્યું છે તે કાપડબોર્ડનું ઓળખપત્ર કામ લાગી ગયું. અને સેવા સંગઠનની તાકાત કામે લાગી...

બધા મજુરો પોતે પોતાનાં વેપારી પાસે ગયા કહે ટેમ્પા અંદર ના આવે તો કેમનું ચાલે ? પછી વેપારીઓએ નક્કી કર્યુ કે, આ કામદારોને આપણી માર્કેટના ઓળખપત્ર આપીએ તો પ્રમુખ તૈયાર થઇ ગયા. હવે દરેક વેપારી પોતાના મજુરોની ઓળખ તેમના દુકાનના લેટરહેડ પર આપશે અને પછી એસોસિએશન પરફથી માર્કેટનું ઓળખપત્ર પણ મજુરોને મળશે. અને બહારના ટેમ્પા આવે તેમના માટે ૧ કલાક +રીક્ષા નક્કી કરી તેમજ ૧ કલાકમાં બહાર જવાનું.

સેવાની આગેવાન બહેનો તો પ્રમુખને કહયું આ દુકાનોનું મોટું બિલ્ડીગ જ અમારી સેવાની બહેનોએ બનાવ્યું છે. અમારી સેવા રચયિતા મંડળીએ. આ રીતે આગેવાનો એ પ્રમુખ અને તેમના વેપારીઓ સાથે બેસી નક્કી કર્યુ અને જે બહાર ટેમ્પા ઊભા રહે છે તેમને પણ ૧ કલાકની સમય મર્યાદા નક્કી કરી. બધા કામદારો કામે લાગી ગયા અને સેવાની જય બોલાવી ટીનાબહેને અને સભ્યોએ સેવા સંગઠન ઝીદાબાદ કર્યુ...

'ANASOOYA' R.N.I. No. 54903/82 Permitted to post at Ahmedabad P.S.O. On
F/N Basis on the 6th & 22nd every month under Postal Regd. No. GAMC-581/2018-20
Issued by S.S.P. Valid up to 31-12-2020.

Ahmedabad P.S.O.
6-7-2018

## શ્રદ્ધાંજલિ



છાયાબહેન નટવરભાઈ સોની પોતે અગરબત્તી કામદાર હતા. છેલ્લા ૧૦ વર્ષથી સેવામાં જોડાયેલા હતા. આગેવાન બન્યા પ્રતિનિધિ બન્યા અને છેલ્લે એમને ઝૂંબેશટીમમાં અગરબત્તી કામદારનું સંગઠન કરતાં હતાં. છાયાબહેન એક શક્રીય આગેવાન હતા તેમના સભ્યો સાથે સારા સંબંધ હતા અને દરેક બહેનને સારી રીતે સમજાવતા તેમનું તા.૪/૬/૨૦૧૮ના રોજ હ્યદયનો હુમલો આવવાથી અવશાન થયું. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે.

- જોહરા

❑

### અનસૂયા

- ૩૬માં વર્ષમાં પ્રવેશી ચૂકેલું પાક્ષિક 'અનસૂયા'
- થોકબંધ પ્રકટતા વૃત્તપત્રો વચ્ચે મહિલાઓની શ્રમશક્તિનું સુકાન બની અવિચળ સ્થાન મેળવી ચૂક્યું છે.
- શ્રમજીવી મહિલાઓ સાથે સમગ્ર મહિલાવિશ્વને એક તાંતણે બાંધવા સદાય તત્પરતા દાખવતો 'અનસૂયા'નો વાચકવર્ગ સર્વવર્ગીય છે.
- 'સેવા' અમદાવાદથી વિસ્તરીને ગુજરાત, ભારત, અને આંતરરાષ્ટ્રીય વિકાસ સાધે છે ત્યારે તેના મુખપત્ર 'અનસૂયા'ના ફલકનો વ્યાપ વધ્યો છે.
- વિસ્તૃત વાચકવર્ગ સુધી 'અનસૂયા' પહોંચાડવાના આદરેલા અભિયાનમાં જોડાવા હવેથી વાર્ષિક લવાજમ રૂા. ૫૦/- અને આજીવન લવાજમ રૂા. ૭૦૦/-નો સૌનો સાથ અગત્યનો ગણાશે.

**દર મહિને છઠ્ઠી અને બાવીસમી તારીખે 'અનસૂયા' પ્રકટ થાય છે.**

**Place to Send Subscription :**

**Shree Mahila SEWA Anasooya Trust**

SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001 (Phone : 255 06 444, 255 06 477)
Please Visit our website : www.anasooya.org Email : mail@anasooya.org, mahilasewatrust@vsnl.net

Printed and Published by NAMRATA BALI on behalf of Shree Mahila SEWA Anasooya Trust and Printed at Printwell, Celler, Deep Appartments, Shahpur Bahai Centre, Ahemedabad - 380 001 and Published from SEWA Reception Centre, Opp. Tilak Baug, Bhadra, Ahemedabad - 380001. Editor - NAMRATA BALI

**અનસૂયા** 6-7-2018

સેવા રિસેપ્શન સેન્ટર
ટિળક બાગ સામે, ભદ્ર,
અમદાવાદ - 380 001

[redacted]